# ગંદકી, પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ સામે કડક કાર્યવાહી

## પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૩૫ એકમો અને ગંદકી કરતા ૫૦ કોમર્શિયલ એકમો સામે મહાનગરપાલિકાની કાર્યવાહી







ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાનાં મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર જે. એન. વાઘેલાની સૂચનાથી ડે. કમિશનર કેયૂર જેઠવાની આગેવાનીમાં સેનિટેશન શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા એકમો તેમજ ગંદકી કરતા એકમો જેવા કે લારીગલ્લા, ચાની કિટલી વગેરે સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવી હતી. સેનિટેશન શાખાની ટીમ દ્વારા શહેરમાં ગંદકી કરતા ૫૦ કોમર્શિયલ એકમો પાસેથી રૂ. ૧૩,૦૦૦/- અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૩૫ એકમો પાસેથી રૂ.૨૩,૫૦૦/- વહિવટી ચાર્જ તરીકે વસૂલવામાં આવ્યા હતાં. આ અંગે કમિશનરે જણાવ્યું હતું કે, “ શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત બનાવવામાં નાગરિકોની સહભાગીતા આવકારદાયક છે. ચાલો, જવાબદાર નાગરિક બનીએ, સિંગલ યુઝ પ્લાસ્ટિકને જાકારો આપીએ. આપણા શહેરને સ્વચ્છ રાખીએ.” તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ આ ડ્રાઈવની કાર્યવાહી ચાલું રાખવામાં આવશે અને ગંદકી કરતા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ડોર ટુ ડોર ગારબેજ કલેક્શન સુવિધામાં મુશ્કેલીનું નિવારણ કરવા ધારાસભ્ય રીટાબેન પટેલની રજૂઆત



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીની અખબારી યાદી જણાવે છે કે, વિસ્તારના વિકાસ તેમજ નાગરિકોને પડતી મુશ્કેલીઓ અને સમસ્યાઓના નિવારણ માટે હંમેશા તત્પર અને સક્રિય રહેતા ઉત્તર વિધાનસભાના યુવા મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે ડોર ટુ ડોર ગારબેજ કલેકશન સુવિધાને સુગમ બનાવવા અંગે મ્યુનિ. કમિશ્નર જે.એન.વાઘેલા, મેયર હિતેશ મકવાણા, સ્ટે.કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ અને સહિતના મનપાના પદાધિકારીઓ સાથે મુલાકાત કરી તાત્કાલિક સમસ્યા દૂર કરી જનતાને પડતી અગવડતાનું નિરાકરણ લાવવા માટે તાકીદ કરી હતી તેમજ મહાનગરપાલિકા વિસ્તારના વિવિધ વિકાસકાર્યો બાબતે ચર્ચા કરી હતી.



ગ-૪ અંડરબ્રીજ પાસે મુકેલા ગલ્લાના તાળા તુટ્યા હતા. લગભગ ચાર હજારના મુદ્દામાલની ચોરી થઈ હતી. જોકે ચોરી નાની હોવાથી પોલીસે ફરિયાદ લેવાનું ટાળ્યુ હતુ.

## ગાંધીનગર સિવિલની ઓડીશાની ટીમે મુલાકાત લીધી



ગાંધીનગર સિવિલની ઓડીશાની ટીમે મુલાકાત લીધી હતી. ટીમના સભ્યોએ લેબરરૂમ, ઓપરેશન થિયેટર,ગાયેનક વિભાગ, આઈસીયુ, સહિતના વિવિધ સ્થાનો પર ફરી ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યું હતું. આ ટીમના સભ્યો સાથે ગાંધીનગના સિવિલના હોસ્પિટલના ડોકટર સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા પ્રાથમિક સંઘ દ્વારા જિલ્લા શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન




ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક સંઘ દ્વારા "જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક" તરીકે રામાજીનાછાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જરને એવોર્ડ મળતા સન્માન કરવામાં આવ્યું હતું.આ સન્માન સમારોહમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, જિ. શિ. અને તા.ભવન, ગાંધીનગર પ્રાચાર્ય ડૉ.હિતેશ દવે, રાજ્ય સંઘ હોદ્દેદાર મીઠાભાઈ પટેલ, જિલ્લા સંઘના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, મહામંત્રી સુજલભાઈ પટેલ, તાલુકા સંઘ પ્રમુખ, મંત્રી, તાલુકા જિલ્લા સંઘ હોદ્દેદાર, કારોબારી સભ્યોની ઉપસ્થિતી રહી હતી. શિક્ષણમાં નવતર પ્રયોગ, સંશોધન, સહઅભ્યાસિક પ્રવૃત્તઓ, જનજાગૃતિ, શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગાંધીનગરના તસ્વીરકાર નિકુંજ વૈશ્યક ખાતે " કલા ગૌરવ " એવોર્ડ થી પોંખાયા

ગાંધીનગર, તા.૧૮

તારીખ ૧૬/૦૪/૨૦૨૩ ના રોજ ભાવનગરની ઈસ્કોન કલબ ખાતે કલાકારોને પ્રોત્સાહિત કરવા તેઓની કલા ને બિરદાવતા "કલા ગૌરવ" એવોર્ડથી સન્માનિત કરવાનો સુંદર અને ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલ તસવીરકાર, ચિત્રકાર, શિલ્પકાર, રંગોળી આર્ટિસ્ટ એવા કુલ ૫૧ કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગરના જાણીતા તસવીરકાર નિકુંજ વૈશ્યક (નલિનીકાંત વૈશ્યક)ને ૬૦ થી ૭૦ વર્ષની કેટેગરીમાં સૌથી વધુ સમય નેચરલ ફોટોગ્રાફી કરવા બદલ ભાવનગરના મેયરશ્રી કિર્તીબેન દાણીધારિયાના વરદ હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સૌથી વધુ પ્રદર્શન યોજાનાર, સૌથી વધુ એવોર્ડ મેળવનાર, સૌથી ગ્રુપ શોમાં ભાગ લેનાર જેવી વિવિધ કેટેગરીમાં પાંચ વર્ષથી પાંસઠ વર્ષની વયના કુલ ૫૧ કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાવનગરમાં ટ્રીપલ એ નામનું ગ્રુપ છે જેમાં અજય ચૌહાણ, અજય જાડેજા, તથા ડો.અશોક પટેલ મુખ્યત્વે આવા આયજનો કરે છે. કલાકારોને પ્રોત્સાહિત કરવા દેશના મોટા મોટા શહેરોમાં ચિત્રકાર, તસ્વીરકારોના સયુંકત પ્રદર્શનો યોજે છે. વ્યક્તિગત



પ્રદર્શન યોજવા માર્ગદર્શન અને મદદ પૂરી પાડે છે. આગામી સમયમાં ગોવા પણજી ખાતે ઈન્ટરનેશનલ એકઝીબિશનની પણ જાહેરાત કરવામાં આવી હતી કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે ભાવનગરના મેયર શ્રી કિર્તીબેન દાણીધારિયા, મનીષભાઈ ઠાકર આસિસ્ટન્ટ કમિશનર ઈન્ટેલિજન્સ ભાવનગર, શેઠ બ્રધર્સના ગૌરવભાઈ શેઠ, ભારતીય ખોરાક તથા કલાના પ્રોત્સાહક કવિ હિમાચલભાઈ મહેતા, ગુજરાત રાજપૂત સમાજ સંકલન સમિતિના મહિલા પ્રમુખ તૃપ્તિબા રાઓલ તથા ગુજરાતનું ગૌરવ એવા નિશા ચાવડા મિસિસ ઈન્ડીયા વેસ્ટ વિગેરે મહાનુંભાવો ઉપસ્થિત રહીને કલાકારોને પોતાના વરદ હસ્તે એવોર્ડ એનાયત કરી સન્માનિત કર્યા હતા. ભાવનગરના ઉદગોષક વિપુલભાઈ વાળાએ કાર્યક્રમનું સુંદર સંચાલન કરી કાર્યક્રમ દીપાવ્યો હતો.

## અન્ય પરીક્ષાઓમાં પણ ડમીકાંડ આચરાયાં હોવાનો યુવરાજનો આક્ષેપ

### ટૂંક સમયમાં વધુ ખુલાસા કરવા સાથે એક બીજી ફાઇલ પણ તૈયાર કરી રહ્યાં હોવાની જાહેરાત : સાયન્ટિફિક તપાસ કરવામાં આવે તો અનેક બાબતો બહાર આવશે : યુવરાજસિંહ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં ફરી એકવાર ડમી પરીક્ષાર્થી કૌભાંડ બાબતે ચર્ચાએ જોર પકડ્યું છે અને તે સાથે જ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કૌંભાડીઓને છોડીશ નહીં તેવો હુંકાર કર્યો છે. એક તરફ એક વાઈરલ વિડિયોના આધારે યુવરાજસિંહ પર તોડ કરવાના આક્ષેપો લાગી રહ્યાં છે ત્યારે બીજી તરફ આ વિડીયો અને આક્ષેપો તેમને ફસાવવાનું કાવતરું હોવાનું જણાવતાં યુવરાજસિંહ ડમીકાંડમાં વધુ ખુલાસા કરવાના હોવાની જાહેરાત પણ કરી રહ્યાં છે. તેઓ એક બીજી ફાઈલ પણ તૈયાર કરી રહ્યાં હોવા સાથે રાજ્યમાં અન્ય પરીક્ષાઓમાં પણ ડમીકાંડ આચરાયાં હોવાનું અને તેને ટૂંક સમયમાં જ બહાર લાવવાનું યુવારાજસિંહ જણાવી રહ્યાં છે. વર્ષ ૨૦૧૬થી લઈને પંચાયતની અલગ અલગ ભારતીઓ જેવી કે મુખ્ય સેવિકા, ગ્રામ સેવક, એલઆઇ, એમપીએચડબલ્યુ, એફએચડબલ્યુ, વિદ્યાસહાયક, ગ્રામસેવક, સબ ઓડિટર, બીઆરસી અને સીઆરસીની પરીક્ષાઓ સહિત મ્યુ. કોર્પોરેશનો, પોસ્ટ અને ફોરેસ્ટ વિભાગ તેમજ કેટલીક યુનિવર્સિટીમાં પણ કૌભાંડ આચરવામાં આવ્યું છે અને જેનો પણ ભાંડો ફોડીશ તેવું પણ કહ્યું હતું.

યુવરાજસિંહના આક્ષેપો બાબતે રાજ્યના ગૃહ વિભાગે પણ ગંભીરતાથી નોંધ લીધી છે અને ભાવનગરના એસપીના માર્ગદર્શન હેઠળ વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી છે જેની તપાસમાં એક પછી એક ડમી વિદ્યાર્થીઓ બહાર આવી રહ્યા છે. યુવારાજસિંહે આજે જાહેર કર્ય છે કે આગામી દિવસોમાં ડમી કાંડ બાબતે વધુ નવા ખુલાસા બહાર આવી શકે તેમ છે અને તેનો પર્દાફાશ નજીકના દિવસોમાં કરવામાં આવી શકે છે. આ સાથે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે કૌભાંડીઓને પડકાર ફેંકતાં હું કોઈને છોડીશ નહી તેવો હુંકાર પણ કર્યો હતો. તેમના જણાવ્યાં અનુસાર છેલ્લાં ૧૨ વર્ષથી યોજાયેલી અનેક પરીક્ષાઓમાં ડમી વિદ્યાર્થીઓ બેઠા હતા અને જેના થકી અનેક ઉમેદવારો નોકરી લાગી ગયા છે. યુવરાજસિંહે જણાવ્યું છેકે "વર્તમાનમાં રાજયસરકાર દ્વારા જે કૌભાંડ રોકવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી છે તે સરહનીય કામગીરી છે. અમે આ નિર્ણયને આવકારીએ છે. જો એસઆઈટી નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરશે તો ચોક્કસપણે ઘણા મોટા પ્રમાણમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર સામે આવશે. મારો ઉદ્દેશ્ય પણ એ જ છે કે આ સિસ્ટમમાંથી સડો દૂર થાય અને સાચા અને મહેનેતું ઉમેદવારોને ન્યાય મળે. રાજ્યમાં કેટલાંક શિક્ષણ સંકુલો દ્વારા ડમી માર્કશીટનું કૌંભાડ ચલાવાય છે જેના આધારે અનેક ઉમેદવારોએ નોકરી મેળવી લીધી છે. જો ડમીકાંડની સાયન્ટિફિક તપાસ કરવામાં આવે તો અનેક બાબતો બહાર આવી શકે તેમ છે."

## ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

આગામી તારીખ ૨૩-૦૪-૨૦૨૩ ને રવિવારે સવારે ૯-૩૦ કલાક થી જુના સચિવાલય કેન્ટીનમાં રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરાવામાં આવ્યું છે. આ સ્પર્ધા ચાર વિભાગમાં યોજાનાર છે.

આ વિભાગો ઉમર વર્ષ ૯ સુધી, ૧૨ સુધી, ૧૫ સુધી , અને ઓપન કેટેગરી માટે પ્રમાણે રહેશે. સ્પર્ધામાં ભાગ લેવાં માટે મો.૯૯૦૪૪૧૭૮૨૭, ૯૯૨૫૩ ૮૪૬૨૩, ૯૪૨૮૪ ૦૫૮૮૮, ૬૩૫૧૫ ૯૬૩૯૩, ૮૧૪૧૬ ૮૯૩૩૭, ૯૯૨૪૬ ૮૧૫૮૮, ૯૯૨૫૨ ૭૯૫૫૩ ઉપર સંપર્ક સાધી તા. ૨૧ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ઓપન સિવાયના વિભાગોમાં ભાગ લેનારે જન્મ તારીખનો આધાર રજૂ કરવા જણાવાયું છે.

સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ માટે નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરાવામાં આવી છે.

## બેંક કર્મચારીને લાફો ઝીંકી ઝઘડો કરનાર આરોપીઓ ઝડપાયા

### વામજ ગામે બેંક ઓફ ઇન્ડિયાની શાખામાં ત્રણ ઇસમોએ માહિતી ના આપવા માટે બેંક કર્મચારીને લાફો ઝીંકી ધમકીઓ આપી હતી

કડી તાલુકાના વામજ ગામે એક બેંક કર્મચારીને ત્રણ ગ્રાહકો સાથે સર્જાયેલી માથાકૂટમાં એક ગ્રાહકે લાફો ઝીંકી દીધો હતો. આ ઘટનામાં આજુબાજુના કર્મચારીઓ વચ્ચે આવી ગયા હતા અને ઝઘડાને શાંત કરાયો હતો પરંતુ ગ્રાહકે જતાં જતાં ધમકીઓ આપતાં બેંક કર્મચારીએ કડી પોલીસ સ્ટેશન ખાતે ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. આજે પોલીસે ત્રણેય ઈસમોને ઝડપી લીધાં હતાં. અમદાવાદ ખાતે રહેતા સંદીપકુમાર કે જેઓ કડી તાલુકાના વામજ ગામે આવેલી બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં નોકરી કરે છે. તાજેતરમાં સર્જાયેલી ઘટનામાં તેઓ બેંકની અંદર હાજર હતા તે દરમિયાન વણસોલ ગામનો રાહુલ ઠાકોર નામનો ઈસમ બેંકમાં આવ્યો હતો અને તેણે બેંકના ડિપોઝિટ કાઉન્ટર હાજર સંદીપકુમારને કહ્યું કે શૈલેષ ઠાકોરની પાસબુક છે અને જેમાં કેટલું બેલેન્સ છે તે જણાવો જેથી સંદીપકુમારે જવાબ અપ્યો કે, અમે અજાણ્યા વ્યક્તિને ગ્રાહકના બેંક ખાતાની કોઈ જ માહિતી આપી શકતા નથી. આથી રાહુલે ઉશ્કેરાઈને સંદીપકુમારને ’તમે અમને માહિતી કેમ ન આપો’ કહીને ઝઘડો કરવા લાગ્યો હતો. આ પછી થોડીવાર બાદ બેંકની કસ્ટમર સીટ ઉપર બેસી જઈને અને કોઈને ફોન કરીને વાત કરવા લાગ્યો હતો અને થોડાક કલાકો બાદ શૈલેષ અને અલ્પેશ વામજ બેંકમાં આવી પહોંચ્યા હતા અને આવતાની સાથે જ ઉશ્કેરાઈ જઈને અપશબ્દો બોલવા લાગ્યા હતા. સંદીપકુમારની પાસે જઈને સંદીપ કુમારને લાફો ઝીંકી દીધો હતો. જ્યાં ઝઘડો થતાં આજુબાજુના કર્મચારીઓ આવી પહોંચ્યા હતા અને ઝઘડાને શાંત કરાવ્યો હતો. ત્રણેય ઈસમો જતાં જતાં સંદીપ કુમારને ધમકીઓ આપતા ગયા હતા. જેથી સંદીપકુમાર સહિત કર્મચારીઓ પોલીસ સ્ટેશન ખાતે આવી પહોંચ્યા હતા અને ત્રણેય ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. કડી પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપીને વધુ તપાસ હાથ ધરી છે.